# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "B" by NAAC

શારીરિક શિક્ષણ વિભાગ, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૧૧૧

ઈ-મેઈલ : phyedu@sauuni.ac.in


નં.શા.શિ/ઈ.એ.કે./૧૪૮/૨૦૨૧ તા.૨૯/૦૯/૨૦૨૧

વિષય : ઈકો એડવેન્ચર કેમ્પ (લેવલ – ૦૧ પ્રાયમરી) માં ફોર્મ અંગેની તારીખ લંબાવવા બાબત

સંદર્ભ :- નં.શા.શિ/ઈ.એ.કે./૧૩૨/૨૦૨૧ તા.૧૭/૦૯/૨૦૨૧ નો પરિપત્ર

પરિપત્ર:-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તથા યુનિ.સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તેમજ માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે આપની કોલેજ/ભવન અને સંસ્થાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની (બહેનો) નો શારીરિક, માનસિક, આધ્યાત્મિક, સામાજિક વિકાસ થાય અને તેઓમાં સમુહમાં રહેવાની તેમજ રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની ઉતરદાયિત્વની ભાવના જાગૃત થાય તેવા ઉદેશ્યથી શારીરિક શિક્ષણ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ અને મ્યુનિસિપલ આર્ટસ અને કોમર્સ કોલેજ – ઉપલેટાનાં સંયુક્ત ઉપક્રમે ઈકો એડવેન્ચર કેમ્પ (લેવલ – ૦૧ પ્રાયમરી) તા.૦૪-૧૦-૨૦૨૧ થી તા.૦૬-૧૦-૨૦૨૧ સુધી ઓસમ પર્વત – પાટણવાવ, તા. ધોરાજી, જિલ્લો: રાજકોટ ખાતે કુલ ૬૦ વિદ્યાર્થીની (બહેનો) માટે ત્રિદિવસીય આયોજન થયેલ છે. <u>જેમાં દરેક કોલેજમાંથી એક વિદ્યાર્થીની (બહેનો) ને અરજી મોકલવા માટે જણાવવામાં આવેલ હતુ, હવેથી દરેક કોલેજો વધુમાં વધુ ૦૨ વિદ્યાર્થીનીઓની અરજી મોકલવાની રહેશે. બે અરજીથી વધારે આવેલ અરજીઓ પ્રતિક્ષાયાદીમાં રાખવામાં આવશે, ઉપરાંત અરજી મોકલવાની અંતિમ તારીખ ૩૦/૦૯/૨૦૨૧ રાખવામાં આવેલ છે.</u>

<u>ખાસ નોંધ:</u> (૧) તાલીમાર્થીને કેમ્પનાં સ્થળે આવવા જવાનો ખર્ચ કોલેજે આપવાનો રહેશે. અને શિબિરમાં આવનાર તાલીમાર્થીનીને પ્રશિક્ષણ અને રહેવા-જમવાની સુવિધા યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે.

(૨) કેમ્પમાં જોડાનાર **<u>દરેક તાલીમાર્થી તા.૦૩-૧૦-૨૦૨૧ ને રવિવારનાં રોજ બપોરે:૦૩:૦૦ થી ૦૫:૦૦ કલાક</u>** સુધીમાં હાજર થઈને રીપોર્ટીંગ કરાવવાનું રહેશે.

કુલસચિવ

<u>પ્રતિ,</u>

(૧) સૌ. યુનિ. સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ. (૨) સૌ. યુનિ. કેમ્પસ સ્થિત અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓ.

(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

<u>નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે:-</u>

ડાયરેક્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટરશ્રી (વેબસાઈટ દ્વારા પ્રસિદ્ધિ અર્થે)

<u>નકલ સાદર રવાના:-</u>

(૧) માન.કુલપતિશ્રી/ માન.ઉપકુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.